# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

***************************************************

1) ઓમાનના દરિયાકાંઠે જહાજ પર થયેલા હુમલાની ભારતે આકરી ટીકા કરી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારત આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચય સાથે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

3) કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે દેશમાં આત્મનિર્ભર સંશોધન અને વિકાસ માળખું બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો.

4) ભારત અને નેપાળે દ્વિપક્ષીય ડિજિટલ નાણાકીય જોડાણને મજબૂત બનાવવા માટે સીધી ક્રોસ-બોર્ડર રેમિટન્સ સિસ્ટમ શરૂ કરી.

5) બેડમિન્ટનમાં, પીવી સિંધુ અને તન્વી શર્મા આજે સિડનીમાં ઓસ્ટ્રેલિયન ઓપનના મહિલા સિંગલ્સના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INTER- MINISTERIAL

ઓમાનના દરિયાકાંઠે એક જહાજ પર થયેલા હુમલાની ભારતે આકરી ટીકા કરી છે, જેમાં ત્રણ ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા.નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય મીડિયા બ્રીફિંગને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું આ ક્ષેત્રમાં શિપિંગ પર સતત હુમલાઓ ખૂબ જ ચિંતાજનક છે

**(BYTE - RANDHIR JAISWAL)**

ગલ્ફ ડિવિઝનના અધિક સચિવ અસીમ આર. મહાજને જણાવ્યું આ મહિનાની 8મી તારીખે 24 ભારતીય ક્રૂ સભ્યોને લઈને જતા જહાજ MT મેરીવેક્સને ઓમાનના દરિયાકાંઠે નિશાન બનાવવામાં આવ્યું હતું. તેના તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં ભારત પાછા ફરવાની અપેક્ષા છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે પર્શિયન ગલ્ફ ક્ષેત્રમાં વેપારી જહાજો સાથે જોડાયેલી તાજેતરની ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે મંત્રાલય મૃતકોના પરિવારો સાથે સંપર્કમાં છે અને તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. સીમેન વેલફેર ફંડ સોસાયટીને દરેક મૃતક નાવિકના પરિવારોને 10 લાખ રૂપિયાની સહાય ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

# NEW DAY PM-NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભલે વિશ્વ અનિશ્ચિતતા અને અસ્થિરતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું હોય, ભારત આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચય સાથે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે નીતિ આયોગની 11મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરતા શ્રી મોદીએ કહ્યું કે જેમ જેમ ભારત વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધે છે, તેમ તેમ કેન્દ્ર અને રાજ્ય સરકારોની સામૂહિક જવાબદારી વધે છે.

શ્રી મોદીએ રાજ્યો વચ્ચે સહયોગ, સંવાદ અને વિચારોના આદાન-પ્રદાન માટે હાકલ કરી. તેમણે કહ્યું કે નીતિ આયોગ આ સહયોગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, જેથી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે વિચારોનું યોગ્ય આદાન-પ્રદાન થઈ શકે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ સામૂહિક પ્રયાસોને મજબૂત બનાવી શકાય.

આ બેઠકમાં દેશભરમાં ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને ટકાઉ રોજગારની તકો ઊભી કરવાના પગલાંઓની ચર્ચા થઈ રહી છે.આ વર્ષની બેઠકનો વિષય "2047 સુધીમાં વિકસિત ભારત માટે સમાવિષ્ટ માનવ વિકાસ" છે. આ બેઠકમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલો અને ઉપરાજ્યપાલો ભાગ લઈ રહ્યા છે.

# HM-NITI MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની 11મી બેઠકમાં હાજરી આપી હતી. શ્રી શાહે સોશિયલ મીડિયા સંદેશમાં, જણાવ્યું હતું કે નીતિ આયોગ એ ભારતને તેના મૂળથી મજબૂત બનાવતી મુખ્ય સંસ્થા છે જે વિકાસના દરેક પાસામાં વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે આપણા દેશને તૈયાર કરવાના સરકારના વિઝનને અમલમાં મૂકે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત ફક્ત સ્પર્ધા જ કરતું નથી પરંતુ દરેક મુખ્ય અર્થતંત્રને પાછળ છોડી દે છે. ગૃહમંત્રીએ કહ્યું કે દેશ 2047 માં વિકાસ ભારતના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે.

# REV. PM-GRATITUDE

ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા પ્રધાનમંત્રી બનવા બદલ સિંગાપોરના રાષ્ટ્રપતિ લોરેન્સ વોંગ, ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન, જાપાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી કુમિયો કિશિદા અને ગુયાનાના રાષ્ટ્રપતિ ડૉ. ઇરફાન અલી દ્વારા આપવામાં આવેલી શુભેચ્છાઓ અને સંદેશાઓ બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આભાર વ્યક્ત કર્યો. પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં સિંગાપોરના પ્રધાનમંત્રી સાથે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિકસાવવા અને ભારત-સિંગાપોર સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવાની ઉત્સુકતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રી લક્સનનો તેમની શુભકામનાઓ બદલ આભાર માનતા, શ્રી મોદીએ કહ્યું કે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર બંને દેશો વચ્ચેની ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીએ આ ભાગીદારીને વધુ ઊંચાઈઓ પર લઈ જવાની ઉત્સુકતા વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ શ્રી કિશિદાનો તેમની શુભકામનાઓ બદલ આભાર માન્યો અને જાપાન-ભારત એસોસિએશનના પ્રમુખનું પદ સંભાળવા બદલ તેમને અભિનંદન આપ્યા. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના નેતૃત્વ હેઠળ બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બનશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ ભારત અને ગુયાનાના લોકોના હિતમાં સતત સહયોગની રાહ જુએ છે. સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને લાંબો કાર્યકાળ હાંસલ કરવા બદલ પ્રધાનમંત્રી શ્રી મોદીને અભિનંદન આપ્યા.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# MSME-ARTISANS

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ દિવ્યાંગ વિશ્વકર્મા કારીગરો માટે વન સ્ટેશન વન પ્રોડક્ટ (OSOP) પહેલ લાગુ કરવામાં આવી છે. જેનો હેતુ દિવ્યાંગ કારીગરોને આર્થિક રીતે સશક્ત બનાવવાનો છે.

આ પહેલ હેઠળ, પસંદગીના રેલ્વે સ્ટેશનો પર ઉત્પાદનો પ્રદર્શિત કરવા અને વેચવા માટે ખાસ છૂટક ભાવની દુકાનો સ્થાપિત કરવામાં આવી છે.

# INDIA MALDIVES CONSIGNMENT

ભારતે માલદીવ સરકારને 20 હજાર ઓરી રસીના ડોઝ અને આશરે 3 ટન તબીબી પુરવઠો  મોકલ્યો છે. આ સહાયનો મુખ્ય ઉદ્દેશ્ય માલદીવમાં રસીકરણ વ્યાપ ને મજબૂત બનાવવા અને જાહેર આરોગ્યનું રક્ષણ કરવાનો છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે આ સહાય માલદીવમાં ઓરીના વધતા કેસોનો સામનો કરવામાં મદદ કરશે અને સરકારના રાહત પ્રયાસોને મજબૂત બનાવશે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે માલદીવ ભારતની 'પડોશી પ્રથમ' નીતિ અને મહાસાગર માટેના વિઝનમાં વિશેષ સ્થાન ધરાવે છે. ભારત બંને દેશોના લોકોના પરસ્પર લાભ માટે સહિયારી પ્રાથમિકતાઓને આગળ વધારવામાં માલદીવ સરકાર સાથે નજીકથી કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# GUJ-JITENDRA SINGH

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે દેશમાં આત્મનિર્ભર સંશોધન અને વિકાસ ઇકોસિસ્ટમ બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ગાંધીનગર ખાતે અદ્યતન સુવિધાઓની શ્રેણીનું ઉદ્ઘાટન કર્યા પછી, સભાને સંબોધતા, ડૉ. સિંહે ભાર મૂક્યો કે સરકાર વ્યૂહાત્મક નીતિ સુધારા દ્વારા હાઇ-ટેક ડોમેન્સમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહી છે. તેમણે જાહેરાત કરી કે શાંતિ કાયદા દ્વારા, સરકાર ટૂંક સમયમાં ખાનગી ખેલાડીઓ માટે પરમાણુ ક્ષેત્ર જેવા અદ્યતન ક્ષેત્રો ખોલશે.

# IND NEPAL FINANCE CONNECTIVITY

ભારત અને નેપાળે દ્વિપક્ષીય ડિજિટલ નાણાકીય જોડાણને મજબૂત બનાવવા માટે બંને દેશોના લોકો વચ્ચે સીધી ક્રોસ-બોર્ડર રેમિટન્સ સિસ્ટમ શરૂ કરી છે.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવી સિસ્ટમ ભારતના UPI અને નેપાળના રાષ્ટ્રીય ચુકવણી ઇન્ટરફેસ (NPI) ને સીધી રીતે જોડે છે. આ એકીકરણ બંને દેશોના નાગરિકોને મોબાઇલ બેંકિંગ એપ્લિકેશન્સ અને ડિજિટલ વોલેટ્સ દ્વારા સરળતાથી, સુરક્ષિત રીતે અને તાત્કાલિક નાણાંની લેવડદેવડ કરવા સક્ષમ બનાવશે.

# REV VAISHNAW-JAIPUR

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજસ્થાનના રામગઢમાં જયપુરમાં ઓલ ઈન્ડિયા રેડિયો કેમ્પસમાં આયોજિત એક કાર્યક્રમમાં 20 kW એફએમ ટ્રાન્સમીટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે, શ્રી વૈષ્ણવે ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શન દ્વારા સરહદી વિસ્તારોમાં સંદેશાવ્યવહાર પ્રણાલીઓને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો,

(BYTE: VAISHNAV)

# OMAN TANKER CRISIS

ઉત્તર ઓમાનમાં શિનાસ બંદર નજીક એક વાણિજ્યિક ટેન્કરમાં આગ લાગવાથી દરિયાઈ કટોકટી સર્જાઈ છે. છેલ્લા 72 કલાકમાં ઓમાનના દરિયામાં ભારતીય ક્રૂ સાથે જહાજો સાથે જોડાયેલી આ ત્રીજી ઘટના છે. મસ્કતમાં ભારતીય દૂતાવાસે પુષ્ટિ આપી છે કે તેમને ઓમાનના દરિયાકાંઠે એક જહાજ સાથે જોડાયેલી ઘટના વિશે માહિતી મળી છે. દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. દરિયાઈ અહેવાલો અનુસાર, અસરગ્રસ્ત જહાજ ગિની-બિસાઉ-ધ્વજવાળું ટેન્કર એમટી જલવીર છે, જેમાં આશરે 20 ભારતીય ક્રૂ સભ્યો સવાર છે. ઓમાની અધિકારીઓ રાહત અને કટોકટીના પ્રયાસોનું સંકલન કરી રહ્યા છે. જોકે, ટેન્કરમાં આગ લાગવાનું કારણ હજુ સુધી પુષ્ટિ મળી નથી.

ઓમાનના દરિયાકાંઠે અમેરિકાની લશ્કરી કાર્યવાહી દરમિયાન પલાઉ-ધ્વજવાળું ટેન્કર એમટી સેટેબેલોમાં સવાર ત્રણ ભારતીય ખલાસીઓનું મોત નીપજ્યું હતું. કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે આજે પુષ્ટિ કરી હતી કે એમટી સેટેબેલોમાં સવાર ત્રણ ભારતીય ખલાસીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

# BADMINTON

બેડમિન્ટનમાં, પીવી સિંધુ અને તન્વી શર્મા આજે સિડનીમાં ઓસ્ટ્રેલિયન ઓપનના મહિલા સિંગલ્સના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુએ રાઉન્ડ ઓફ 16માં દેશબંધુ ઈશારાની બરુઆહને 22-20, 21-12થી હરાવી. તેનો આગામી મુકાબલો ચેન સુ-યુ સામે થશે.